## હું શું કરી શકું?

પોલીસને ખ્યાલ છે કે તમારા માટે આ ઘણો જ આઘાતજનક સમય છે અને તમને તેમના તરફથી ટેકો તેમજ વળતા વિચારો મેળવવાની જરૂર છે, પરંતુ આ જ સમયે તમે પોતે પણ બને તેટલી વધારે પૂછપરછો કરીને તેમની મદદ કરી શકો છો. કૃપા કરીને યાદ રાખશો કે તમે કદાચ આ પહેલી વાર કોઈના ગુમ થયાની જાણ કરી હશે, પરંતુ તપાસ કરનારાં તરીકે પોલીસને તો વર્ષોનો અનુભવ હોય છે અને બીજી સંસ્થાઓની સહાયતા લઈને અમે આ તપાસકાર્ય બને તેટલી ઝડપથી પૂરું કરવાનો પ્રયત્ન કરીશું.

કેટલીકવાર ગુમ થયેલાં લોકો પોતે ક્યાં છે તે સ્થળની કોઈને ખબર ન પડે એવું ઈચ્છતાં હોય છે અને તેમને તેમ કરવાનો અધિકાર પણ છે, જેનું અમારે માન રાખવું જ પડે. જો આવું હશે, તો અમે હંમેશાં તમને તે કહીશું.

## જો તમને વધારે મદદની જરૂર હોય તો તમને કદાચ સહાય કરી શકે તેવી સંસ્થાઓના સંપર્ક ફોન નંબરો.

| |
|---|
| સંપર્ક સ્થાન<br>પોલીસ સ્ટેશન |
| ફોન: |
| રેફરન્સ: |

**નેશનલ મિસિંગ પરસન્સ હેલ્પલાઈન**
**National Missing Persons Helpline**
0500 700 700
www.missingpersons.org

**સમારિટન્સ Samaritans**
08457 90 90 90
www.samaritans.org

**બ્રિટિશ રેડ ક્રોસ British Red Cross**
020 7235 54 54
www.redcross.org.uk/trace

રીયૂનાઈટ **Reunite**
www.reunite.org

# ગુમ થયેલાં લોકો વિશે જાણ કરવા અને તેમની તપાસ કરવા વિશેની માર્ગદર્શિકા

METROPOLITAN POLICE
Working together for a safer London

## તેઓ ગુમ થયાં હોવાની મેં જાણ કરી દીધી છે, તો હવે તેના પછી શું થશે?

એકવાર ગુમ થયેલી વ્યક્તિ વિશે કોઈ પોલીસ ઓફિસર તમારી પાસેથી રીપોર્ટ લઈ લે એટલે, તેઓ બધી જ વિગતો પોલીસ સ્ટેશનના કમ્પ્યુટરમાં નોંધે છે અને તેમને 'પોલીસ નેશનલ કમ્પ્યુટર' ઉપર ''મિસિંગ'' (ગુમ થયેલાં) તરીકે પ્રસારિત કરે છે. હવે તે માહિતી કમ્પ્યુટર પર આવી ગઈ હોવાને કારણે રાષ્ટ્રિય કે આંતરરાષ્ટ્રિય રીતે કોઈ પણ પોલીસ ઓફિસર વધારે વિગતવાર જાણકારી મેળવવા માટે અમારો સંપર્ક કરી શકે છે.

ગુમ થયેલી વ્યક્તિને શક્ય તેટલી જલદી શોધી કાઢવાનો પ્રયત્ન કરવા માટે, પ્રારંભિક તપાસ કરી રહેલા ઓફિસર દ્વારા તાત્કાલિક પૂછપરછો કરવામાં આવે છે.

જો તેઓ હજુ પણ ન મળે, તો પોલીસ સ્ટેશનની અંદરના એક ઓફિસરને તપાસકાર્ય સોંપવામાં આવે છે, જેઓ હવે પછી કરવામાં આવનારી બધી જ આગળની પૂછપરછો હાથ ધરશે.

## તેઓ શું કરી શકે છે?

તપાસ કરનાર ઓફિસર સૌથી પહેલાં એ ખાતરી કરશે કે એક કાર્યક્ષમ તપાસકાર્ય કરવા માટે અમને જોઈતી બધી જ જરૂરી વિગતો અમારી પાસે હોય, આમાં નીચેની વિગતોનો સમાવેશ થશે,

- મિત્રો કે સગાં,
- ગુમ થયેલી વ્યક્તિ જે સ્થળોએ વારંવાર જતી હોવાની ખબર હોય તેવાં સ્થળો,
- તેમને કદાચ હોઈ શકે તેવી આરોગ્યની કે તબીબી બીમારીઓ,
- નાણાકીય ખાતાની વિગતો (જેમ કે બેન્ક અકાઉન્ટ, ક્રેડિટ અને ડેબિટ કાર્ડની વિગતો),
- તેમને કદાચ મળતા હોય તેવા કોઈ બેનિફિટો અને તેઓ ક્યાંથી તે લેવા જાય છે તે સ્થળોની વિગતો,
- તાજેતરના અનેક ફોટા,
- તેમના ગુમ થવા સાથે કદાચ જોડી શકાય તેવા બનાવો,
- બાદની અદાલતી તપાસ માટે ડી.એન.એ.ના નમૂના.

તમારી મંજૂરી સાથે ઓફિસરોને તેમના ઘરની પણ તપાસ કરવાની જરૂર પડશે, જેથી કદાચ કોઈ બીજા પુરાવાની કડીઓ હોય તો તે મેળવી શકાય (આ સામાન્ય કાર્યવાહી છે).

તેઓ ગુમ થયાં હોવાની જાહેરાત કરવાની મંજૂરી પણ તમારી પાસેથી મેળવવામાં આવશે, કારણ કે પોલીસ કદાચ તેમની તપાસની સંભાવના વિસ્તારવા ઈચ્છશે.